# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયાનો જિલ્લામાં પ્રારંભ

**સોમવારે એક પણ ફોર્મ ભરાયુ નહિ : ૧૦૦ થી વધુ ફોર્મનો ટિકિટવાંચ્છુઓ દ્વારા ઉપાડ કરવામાં આવ્યો : ગુરૂ, શુક્ર અને શનિવારે વધુ ફોર્મ ભરાશે તેમ મનાઈ રહ્યુ છે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયત, ૩ તાલુકા પંચાયત તેમજ ૨ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. જો કે આજે પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી.

આજે ઉમેદવારી પત્ર ભરવાનો પ્રથમ દિવસ હોવાથી ટિકિટવાંચ્છુઓ દ્વારા ૧૦૦ થી વધુ ફોર્મ લઈ જવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ નગરપાલિકાની ચૂંટણી માટે ૨૫ ઉમેદવારી પત્રો, ગાંધીનગર જિલ્લા પંચાયતની ગાંધીનગર તાલુકાની બેઠકો માટે ૨૧ ઉમેદવારી પત્રો, માણસા તાલુકાની જિલ્લા પંચાયતની બેઠકો માટે ૧૧ જેટલા ફોર્મ ટિકિટવાંચ્છુઓ દ્વારા લઈ જવામાં આવ્યા છે.

રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારી પત્રો આજે વધુ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જો કે અપક્ષોએ હજુ બહુ ઉત્સાહ દાખવ્યો નથી. બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોએ હજુ ઉમેદવારોની યાદી ઘોષિત કરી નથી.

જો કે રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ ગુરૂ, શુક્ર અને શનિવારે સૌથી વધુ ફોર્મ ભરાશે. જિલ્લામાં જે રીતે રાજકીય વાતાવરણ જામ્યુ છે તે જોતાં આ વખતે પણ બહુકોણીય જંગ ખેલાશે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ આરંભાઈ ચુક્યો છે અને ગ્રામ્ય વિસ્તારમાં સંભવિત ઉમેદવારોએ લોકસંપર્ક અભિયાન પણ શરૂ કરી દીધુ છે. જો કે વિધિવત્ પ્રચાર અભિયાન ૧૫મી પછી શરૂ થશે તેમ આ વર્તુળો જણાવી રહ્યા છે.

આજથી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે જે ૧૩મી ફેબ્રુઆરી સુધી ચાલશે. ૧૫મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ૧૬મીએ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

૨૮મી ફેબ્રુઆરીએ આ ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. બીજી તરફ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થતાં તંત્રએ પણ મતદાન સહિતની કામગીરી માટે કર્મયોગીઓના હુકમો જારી કરી દીધા છે.

પ્રકૃતિનો વૈભવ - ગાંધીનગરની ચારે તરફ પ્રકૃતિએ વૈભવ ખીલવ્યો છે... ગ્રીનસીટીનું બિરૂદ ધરાવતા ગાંધીનગરમાં જ્યાં પણ નજર કરો પ્રકૃતિનો વૈભવ જોવા મળશે.... એ પછી આકાશી વૈભવ હોય કે, ફુલ-છોડ કે વૃક્ષોનો વૈભવ હોય... ગાંધીનગરના રાજમાર્ગોની બાજુએ વૃક્ષો પર પીળા પુષ્પો આંખને અને મનને ટાઢક આપે છે... ગાંધીનગર વિકસી રહ્યું... વિસ્તરી રહ્યું છે... સાથે સાથે એનો પાકૃતિક વૈભવ પણ વિસ્તરી રહ્યો છે... બસ આ વૈભવને માણવા વહેલી સવારે અને સમી સાંજે ગાંધીનગરની એક લટાર મારવા જેવી છે...

# જિલ્લામાં ઉમેદવારોની પસંદગી માટે પાર્લામેન્ટરી બોર્ડે રજુઆતો સાંભળી લીધી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગના ઉમેદવારોની પસંદગી અંગે મોવડીમંડળે આજે જિલ્લાના આગેવાનોની રજુઆતોને સાંભળી લીધી છે. હવે ઉમેદવારોની આખરી યાદી આગામી એકાદ બે દિવસમાં જારી કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે બે કલાકથી પણ વધુ સમય સુધી જિલ્લાની ૧૮૨ જેટલી બેઠકોની રજુઆત આજે પાર્લામેન્ટરી બોર્ડે સાંભળી હતી અને નિરીક્ષકોના અહેવાલ મેળવ્યો હતો.

ગાંધીનગર ખાતે ચાલી રહેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠક આવતીકાલે પણ ચાલુ છે. હજુ બે દિવસ આ બેઠકોનો સિલસિલો ચાલશે. આ પછી ઉમેદવારોની યાદી પ્રદેશ કક્ષાએથી જિલ્લા એકમોને અપાશે અને તેની ઘોષણા થશે.

મળતા નિર્દેશો મુજબ જિલ્લામાં આ વખતે નવા ચહેરાઓની પસંદગીને અગ્રતા આપવા સાથે યુવાઓની પણ પસંદગી કરવામાં આવી છે. જિલ્લા પંચાયતમાં વિજય મેળવવા માટે ભાજપે આ વખતે આક્રમક રણનીતિ અપનાવવાનો વ્યુહ આખરી કર્યો છે.

જિલ્લામાં ૨૮ બેઠકો માટે ભાજપે ચુનંદા કાર્યકરોને પ્રચાર કાર્યની વિશેષ જવાબદારી પણ સોંપી છે. જિલ્લામાં તમામ કાર્યકર્તા ચૂંટણી માટે તૈયાર હોવાનું ભાજપના સૂત્રોએ જણાવ્યુ છે.

ભાજપ જિલ્લામાં નો રીપીટ થિયરીનો અમલ કરશે કે કેમ તેને લઈ પણ હજુ કોઈ સ્પષ્ટ બોલવા તૈયાર નથી પરંતુ નવા ચહેરાઓને વધુ તક અપાશે તેમ આ સૂત્રો કહી રહ્યા છે.

# શહેરમાં અકસ્માતના બ્લેક સ્પોટ નિવારવા કટ બંધ કરવા અનિવાર્ય

**જિલ્લામાં ૩૮ બ્લેક સ્પોટ પૈકી ૧૮ ને નિવારવા પગલા લેવાયા શહેરમાં હજુ પણ ક્રોસ પોઇન્ટના લીધે પૈડા પરની જિન્દગી જોખમી**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સલામતીનો પ્રશ્ન વધુ ગંભીર છે. શહેર તેમજ જિલ્લાના માર્ગો પર બેફામ દોડતા વાહનો ગમે ત્યારે જાનલેવા અકસ્માત નોંતરે છે. ત્યારે માર્ગ સલામતીના પરિબળો અંગે જાગૃતિ કેળવાય અને પૈડા પરની જિન્દગી વધુ સલામત બને તેવા આશયથી જિલ્લામાં અડાલજ ત્રિમંદિર તેમજ કુડાસણ ચાર રસ્તા પાસે કટ બંધ કરાયા છે. ત્યારે શહેરમાં હજુ પણ મુખ્યમાર્ગો પર અસ્તિત્વ ધરાવતા કટસ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો માટે યોગ્ય કરવા લાંબા સમયથી કોઈ અસરકારક આયોજન થતુ નથી. માર્ગ સલામતીની વાત આવે એટલે હેલ્મેટ અને સીટબેલ્ટ સહીતના નિયમનને અનુલક્ષી દંડ વસુલી સુધી જ મામલો સમિત બની જાય છે. ત્યારે માર્ગ પર સલામતી માટે અવરોધરૂપ સ્થિતિ નિવારવા માટે હજુ સુધી યોગ્ય પગલા લેવાયા નથી. શહેરી વિસ્તારમાં પણ મુખ્ય માર્ગો પર ના કટસ બંધ કરાયા નથી. જેના લીધે આ સ્પોટ પર વારંવાર અકસ્માતો સર્જાય છે. જયારે સેકટરોના રીંગ રોડ ઉપર પણ ટ્રાફિકની અવરજવર વધતા માર્ગ સલામતી જોખમાઈ છે. જો કે વર્ષોથી અધ્ધરતાલ ગતિ નિયંત્રણના મુદ્દે તંત્ર સજાગ થયુ છે. મુખ્યમાર્ગો પર દોડતા વાહનોને ગતિ નિયંત્રણના ભંગ બદલ દંડ વસુલવાનુ શરૂ કરાયુ છે. ત્યારે રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા નેશનલ રોડ સેફટી વિકની ઉજવણીના આયોજન અન્વયે સડક સુરક્ષા અને જીવન રક્ષાની થીમ અપનાવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સે-૧૭ અને ૨૯માં 'બી' કક્ષાના બાંધવામાં આવશે

**૫૬૦ આવાસો બાંધવાનું આયોજન : નવા આવાસો બાંધવા માટે જુના સેકટરોમાં ટુંકમાં સાઇટ આખરી કરી દેવાશે**

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને તબક્કાવાર નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે નગરના જુના સેકટરોમાં પણ નવા આવાસો બાંધવા માટે ટુંકમાં સાઈટ આખરી કરાશે. સે-૧૭ અને સે-૨૯ માં છ કક્ષાના નવા ૫૬૦ મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે.

શહેરમાં જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં આમ પણ રહેણાંકને લાયક આવાસો રહ્યા નથી. દાયકાઓ જુના આવાસોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. આવાસોમાં છતમાંથી પોપડા પડવા સહીતની ઘટનાઓ પ્રકાશમાં આવતા રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપે છે. ત્યારે કેટલાક આવાસો રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે. હાલ આવાસો ફાળવવા માટે માર્ગ મકાન વિભાગના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. રહેણાંકને લાયક આવાસો પુરતા ન હોવાથી

**શહેરમાં અત્યાર સુધી સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે તબક્કાવાર જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવાનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે**

કર્મચારીઓની યાદી પણ મોટી છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ભયજનક આવાસો તોડીને તેના સ્થાને નવા આવાસો બાંધવા માટે પણ ટુંકમાં સાઈટ આખરી થઈ જશે. જુના અને જોખમી આવાસો તોડયા બાદ જગ્યા ખુલ્લી થતા હાલ જુના સેકટરોમાં નવી ટાવર કોલોની ઉભી કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. તંત્ર કક્ષાએથી ખાલી જગ્યા અંગેનો રીપોર્ટ પણ ઉચ્ચ કક્ષાએ મોકલી દેવાયો છે. ત્યારે શહેરમાં કયા ઠેકાણે નવા આવાસો બાંધવા તે અંગે ટુંકમાં આખરી નિર્ણય લેવાશે. જો કે જુના સેકટરોમાં ખાલી જગ્યાનો સર્વે કરી સે -૨૯ તેમજ સે-૧૭ માં બી કક્ષાના નવા આવાસો બાંધવા માટે આયોજન આખરી કરવાની તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ પણ સે-૨૯ માં નવા આવાસો બાંધવામાં આવ્યા હતા. સેકટરમાં બી કક્ષાના ૫૬૦ આવાસો બાંધવામાં આવશે. શહેરમાં અત્યાર સુધી સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે તબક્કાવાર જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવાનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે.

# કોરોના કાળના એક વર્ષ બાદ સલામત સવારીના પૈડા પાટે ચઢ્યા

**અગાઉની જેમ પ્રતિદિન રૂ ૫ લાખની આવક : કોરોનાના કપરા કાળ બાદ એસ ટી બસમાં મુસાફરોનો ટ્રાફિક વધ્યો : સલામત સવારીમાં મુસાફરી માટે ડેપોમાં ભીડ**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં એક વર્ષના અંતે હવે ટ્રાફિક જોવા મળી રહ્યો છે. સલામત સવારીમાં મુસાફરોની ભીડ જોવા મળે છે. છેલ્લા એક વર્ષથી કોરોના કાળની અસરના લીધે ડેપો સંકુલમાં પણ વિશેષ ચહલ પહલ જોવા મળતી ન હતી. જેના લીધે એસ ટી ડેપોની આવકમાં પણ ધરખમ ઘટાડો થયો હતો. એસ ટી ની આવક પ્રતિદિન દોઢ થી બે લાખ સુધી જ સિમિત થઈ ગઈ હતી જયારે હવે ટ્રાફિક વધતા એસ ટી ની આવક પણ અગાઉની જેમ રૂ ૫ લાખ સુધી પહોંચી છે.

છેલ્લા એક વર્ષથી કોરોનાના સંક્રમણ વચ્ચે એસ ટી બસ સેવા વિશેષ પ્રભાવિત થઈ હતી. શરૂઆતના તબક્કામાં લોકડાઉનના લીધે એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. જેના લીધે એસ ટી નિગમને પણ આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો હતો. ત્રણ મહીના સુધી એસ ટી સેવા સદંતર બંધ હોવાથી ગાંધીનગર ડેપોને પણ લોકડાઉનના સંજોગોમાં મોટી ખોટ સહન કરવી પડી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૭ અને સે. ૨૨ માં માર્ગના કામ અંગત સ્વાર્થ માટે કે નિયમ મુજબ : પિન્કીબેન

**માર્ગ પહોળો કરવા માટેના પણ સરકારે ચોક્કસ નિયમો બનાવ્યા છે તેવુ અમે જાણીએ છીએ. પણ આમાં કોઈ નીતિ કે નિયમોનું પાલન થયુ હોય તેવુ જણાયુ નથી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સે. ૭ અને ૨૨ માં ચાલી રહેલા રોડના કામમાં પણ તંત્રની મનમાની થઈ રહી હોવાના આક્ષેપ સાથે વધુ એક પત્ર કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે લખી આ બાબતે વિગતો આપવા જણાવ્યુ છે.

મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સે. ૭ અને સે. ૨૨ ના ડીવાઈડર સહિતના રોડના કામ હાલ ચાલી રહ્યા છે. માર્ગ પહોળો કરવા માટેના પણ સરકારે ચોક્કસ નિયમો બનાવ્યા છે તેવુ અમે જાણીએ છીએ. પણ આમાં કોઈ નીતિ કે નિયમોનું પાલન થયુ હોય તેવુ જણાયુ નથી.

રોડ પહોળો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા પબ્લિક પેસેજર યુનિટ મુજબનો નિયમ છે જે મુજબ સે. ૭ અને સે. ૨૨ માં ચાલી રહેલ રોડ-ડિવાઈડરના કામ સાથે મેળ ખાતો નથી પણ સ્માર્ટસીટીની ગ્રાન્ટનો ઉપયોગ માત્ર ને માત્ર અંગત સ્વાર્થ માટે કરવામાં આવી રહ્યો હોય તેવુ સ્પષ્ટ માનવુ છે.

આ કામગીરી કયા નિયમોને આધીન શરૂ કરવામાં આવી છે તે અંગેની વિગતો અમને આપશો તેવી માંગણી પણ તેમણે આ પત્રમાં કરી છે.

# જિલ્લામાં ૮ નવા કેસ નોંધાયા : ૮ ને ડિસ્ચાર્જ

**ગાંધીનગરમાં ૨, કલોલ-માણસામાં ૧-૧ કેસ નોંધાયો : શહેરમાં સે. ૨૬ માં બે કેસ ઉપરાંત સે. ૨૩ અને સે. ૩ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૪-૪ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર થતાં તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૪ કેસમાં ૩ કેસ મહિલા દર્દીના નોંધાયા છે. મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં બે કેસ તથા માણસા અને કલોલમાં ૧-૧ કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર તાલુકાના રાંધેજા અને મગોડી ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. આ બન્ને કેસ મહિલા દર્દીના છે. મગોડીની મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. કલોલમાં ઘણા દિવસ બાદ કેસ મળતાં તંત્ર સતર્ક બની ગયુ છે.

માણસામાં પણ અર્બન વિસ્તારમાંથી એક કેસ મહિલા કર્મયોગીનીનો મળ્યો છે. આ કર્મયોગીનીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે ૪૦૨૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૮૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી પણ આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે સે. ૨૬ માંથી બે તો સે. ૨૩ અને સે. ૩ માંથી કેસો મળી આવેલ છે. આજે સે. ૨૩ માંથી મળેલ કેસ મહિલા તબીબનો છે. શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# કોબા ગામના ત્રણ સાધુઓ ઉત્તરાખંડની આપદામાં ફસાયાં

**જો કે ત્રણેય સાધુઓ હરિદ્વારના કનખલ ખાતે સલામત મળી આવ્યા : ગાંધીનગર ડીઝાસ્ટર કચેરીના સતત સંપર્કમાં**

ગાંધીનગર, તા. ૮

દેવભૂમિ કહેવાતા ઉત્તરાખંડમાં ફરી એકવાર આપત્તિ આવી છે અને ગ્લેશ્યિર તુટવાને કારણે ભારે ખાના-ખરાબી સર્જાવા પામી છે. આ સમયે ગાંધીનગરના કોબા ગામના ૩ સાધુઓ ઉત્તરાખંડના પ્રવાસે ગયેલા છે, જો કે તે ત્રણેય સાધુઓ હરિદ્વાર ખાતે સહીસલામત છે અને ગાંધીનગરની ડિઝાસ્ટર કચેરીના સતત સંપર્કમાં છે.

ઉત્તરાખંડમાં સર્જાયેલી તારાજીના કારણે અનેક રાજ્યોના નાગરિકો આ દેવભૂમિમાં ફસાયાં છે. ગુજરાતના મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોની સલામતી માટે તકેદારીના પગલાં લેવાનું શરૂ કરી દીધુ છે. આ સમયે ગાંધીનગર શહેરના ત્રણ સાધુઓ પણ ઉત્તરાખંડ ગયા હતા તેવી માહિતી

**ઉત્તરાખંડમાં ફસાયેલા સગા-સંબંધીઓ માટે ગાંધીનગર ડિઝાસ્ટર કચેરીના ૨૪ કલાક કાર્યરત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ યુનિટનો ફોન નં. ૨૩૨-૫૬૭૨૦ પર સંપર્ક સાધવો**

પ્રાપ્ત થતાં જ જિલ્લા કલેક્ટર કચેરી સંલગ્ન ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના કન્ટ્રોલ એન્ડ કમાન્ડ યુનિટે તેમની તપાસ હાથ ધરી હતી. આ ત્રણેય સાધુઓ કોબા ગામના હોવાનું માલુમ પડ્યુ હતુ. જેઓ અત્યારે હરિદ્વાર ખાતે સલામત છે અને તેમનો સંપર્ક પણ થઈ શક્યો છે. ત્રણેય સાધુઓ કનખલના હરિગિરી સન્યાસ આશ્રમ ખાતે રોકાયેલા છે. આ પ્રસંગે ડિઝાસ્ટર મામલતદાર રોનક કપૂરે જણાવ્યું હતું કે નાગરિકો "કોઈ પણ પ્રકારની અફવા પર ધ્યાન આપે નહી અને જો કોઈના પણ સગા-સંબંધી જો ઉત્તરાખંડમાં ફસાયેલા હોય તો તેઓ ગાંધીનગર કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ જે ૨૪ કલાક સતત સચેત અને કાર્યરત છે તેનો ફોન નં. ૨૩૨-૫૬૭૨૦ પર અથવા ડિઝાસ્ટર હેલ્પલાઈન ૧૦૭૭ પર સંપર્ક સાધી શકે છે."


Shri Shankersinh Vaghela Bapu Foundation
In Service of Education SINCE 1996

**SAMARPAN PUBLIC SCHOOL**
Affiliated to CBSE , Affiliation No. 430465
**REQUIREMENT OF TEACHERS**

1) Pre- Primary- NTT/Montessori trained
2) PRT- All Subjects, Art & Craft / Drawing
3) TGT- English, Hindi, Science, Social Science, Physical Education, Computer

Eligibility :-
- Dynamic , committed to their profession.
- Proficiency in written and oral English Language.
- Conversant with the latest teaching trends and use of technology.
- A Graduate / Post Graduate
- B.Ed. compulsory for TGT
- At least 2 years of experience into the similar capacity.

Interested Candidate may send their detailed resume within one week from the date of advertisement to principalcbse.sps@samarpancampus.ac.in or by Post / Courier on below given address.

Samarpan Education & Research Campus
KH- 7 Samarpan Circle, Sector-28, Gandhinagar 382028
principalcbse.sps@samarpancampus.ac.in www.samarpanpublicschool.org
+91 90812 72233
+91 90812 62233
Office Time 9:00 a.m. to 3:00 p.m.



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ઓકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**વેચાણ નોટિસ**
**હોટલાઇન સીપીટી લિમિટેડ**
(ફડચામાં)
**લિક્વિડેટર : શ્રી ચિરાગ શાહ**
રજિસ્ટર્ડ ઓફિસ : ૫૨ એ, ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ફેઝ-૩, દક્ષિણ દિલ્હી, દિલ્હી-૧૧૦૦૨૦
ઇ-મેઇલ આઇડી : chirag.irp@gmail.com સંપર્ક નં.: ૦૭૯-૪૦૦૫૧૮૧૦ (શ્રી ચિરાગ શાહ)

**ઈ-હરાજી**
ઇનસોલ્વન્સી એન્ડ બેંકરપ્ટસી કોડ, ૨૦૧૬ હેઠળ મિલકતનું વેચાણ
ઇ-હરાજીની તારીખ અને સમય : ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ બપોરના ૦૩.૦૦ થી સાંજના ૦૫.૦૦ કલાક સુધી (દરેક સાથે પાંચ મિનિટના વધારે સમય સાથે)

**હોટલાઇન સીપીટી લિમિટેડ (ફડચામાં)**ની માલિકીની મિલકત અને સંપત્તિનું વેચાણ જે દેવાળું કાઢેલ એસ્ટેટ ફર્મનો હિસ્સો છે, તેને માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, દિલ્હી બેંચ-૩ દ્વારા **તા. ૩૧ જુલાઇ ૨૦૨૦**ના આદેશ અનુસાર દેવાદાર જાહેર કરવામાં આવેલ છે. આ વેચાણ નીચે સહી કરેલ દ્વારા ઇ-ઓક્શન પ્લેટફોર્મ **https://ncltauction.auctiontiger.net** દ્વારા કરવામાં આવશે.

| મિલકતો | બ્લોક | રીઝર્વ કિંમત (રૂ. માં) | ઇએમડી રકમ (રૂ. માં) | વધારાની કિંમત (રૂ. માં) |
|---|---|---|---|---|
| **બીન ખેતીલાયક જમીન** જે પ્લોટ નં. ૧૦ના બ્લોક નં. ૧૭૦, મોજે : ધાનોત, તાલુકો : કલોલ જિલ્લો : ગાંધીનગર. | એ | ૨૨,૫૦,૦૦૦ | ૧,૧૨,૫૦૦ | ૫૦,૦૦૦ |

**ઇ-ઓક્શન માટેનાં શરતો અને નિયમો નીચે મુજબ છે**
૧. ઇ-ઓક્શન **'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' 'જે સ્થિતિ છે તે સ્થિતિ'**ના આધારે સર્વિસ પ્રોવાઇડર **મેસર્સ ઇ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (ઓક્શન ટાઇગર)** દ્વારા યોજવામાં આવશે.
૨. ઇ-ઓક્શનની સંપૂર્ણ પ્રક્રિયા મિલકતની વિગતોના દસ્તાવેજો, ઓનલાઇન ઇ-ઓક્શન બિડ ફોર્મ, જાહેરાત અને હસ્તગત કરવાનું ફોર્મ, ઓનલાઇન ઓક્શન માટેના સામાન્ય નિયમો અને શરતો વેબસાઇટ પર ઉપલબ્ધ છે. https://ncltauction.auctiontiger.net ઇ-ઓક્શન માટેની વિગતો મેળવવા માટે સંપર્ક **શ્રી રામપ્રસાદ શર્મા +91-6351896834 / 079-68136855, ઇ-મેઇલ આઇડી : support@auctiontiger.net / ramprasad@auctiontiger.net / rikin@auctiontiger.net**
૩. ઇએમડીના સબમિશનની છેલ્લી **તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧** છે.
૪. ઇ-ઓક્શનની તારીખ અને સમય : **૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ બપોરના ૦૩.૦૦ થી સાંજના ૦૫.૦૦ કલાક સુધી (દરેક સાથે પાંચ મિનિટના વધારે સમય સાથે)**

સહી/-
ચિરાગ શાહ
લિક્વિડેટર
હોટલાઇન સીપીટી લિમિટેડ ફડચામાં
આઇબીબીઆઇ રજી. નં. IBBI/IPA-001/IP-P01169/2018-19/11837
૨૦૮, રત્નરાજ સ્પ્રીંગ, નવનિર્માણ કો.ઓ. બેંકની બાજુમાં, એચડીએફસી બેંક હાઉસ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
સંપર્ક : 079-40051810, ઈ-મેલ : chirag.irp@gmail.com

તારીખ : ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૧
સ્થળ : અમદાવાદ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com